## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

વિંઝાય કાળની થપાટ, જીવનદીપ બૂઝાય!
દાઝે જિંદગી કયાંક, તો કયાંક જીવતા જ ભૂંજાય!
મૂંઝાય છે નારી, સમાજના આ અધઃપતનથી -
રૂઝાય ના ઘાવ કદી, છતાં કાયદા પૂજાય છે!!

### હાઇકુ

ચિપાય પત્તાં,
જૂથનાં સંગઠ્ઠન -
વેરવિખેર..
(હોદ્દેદારની બદલી)

મારે ટપલાં,
- ને ઇમેજ બગાડે,
સંઘ સાંસદો..
(કટ્ટર નિવેદનો)

### ચિંતન

**નરાણાં નાપિતો ધૂર્તઃ પક્ષિણાં ચૈવ વાયસઃ । ચતુષ્પદાં શ્રુગાલસ્તુ સ્વેચ્છાચારી તપસ્વિનામ્ ॥**

માણસોમાં હજામ ચતુર-લુચ્ચું-કે બુદ્ધિશાળી ગણાય છે, અને પક્ષીઓમાં કાગડો ચતુર ગણાય છે જયારે ચો-પગાં-પ્રાણીઓમાં શિયાળ ચતુર ગણાવામાં આવે છે. જયારે સાધુ-સંત 'બાપુ'માં સ્વેચ્છાચારી-દંભી-ઢોંગી ચતુર ગણાય છે.

ઘણીવાર લોકવાયકા પ્રમાણે 'ચતુર વણિક' વાર્તાઓમાં વિખ્યાત હોય છે તેમ અકબર-બીરબલની વાર્તાઓમાં આવું ચતુર પાત્ર 'હજામ'નું કહેવાતું અનેક મસ્તકોને મરજી મુજબ મારી-મચડી મનાવનાર 'હજામ'ને ચતુરાઇ એમની હથોટીમાં જ હોય છે.

કાગડો બીકણ-સાવધ છતાં ચતુર એટલે છે કે એ કદાપિ પોતાના જ્ઞાતિજનોને - સંબંધી મિત્રોને એકઠા કર્યા વિના એકલો કદાપિ ખાતો નથી ખાવાનું નજર સામે પડ્યું હોય તો પણ એકબીજાની રાહ જોવાનું ચૂકતો નથી.

બાકી, આશારામ-નારાયણ જેવા ઠગ ભગતો એ સાબિત કરી દીધું છે કે લાખો લોકોને ઠગવિદ્યા અને ચતુરાઇ દ્વારા કેવા અને કેટલા મૂર્ખ બનાવી શકાય અને તેમાંય ભોળી - અંધશ્રદ્ધાળુ સ્ત્રીઓ માટે તો એમને 'જાળ'ની પણ જરુર પડતી નથી..!!

### સુવિચાર

- આત્મિક પરિચય ધરાવનાર વ્યક્તિ કદી એકલી હોતી નથી, એકલી હોવા છતાં તે તેના રામ સાથે હોય છે - એસ. ભટ્ટાચાર્ય
- 'ભમ્ર' ને જાણી લીધા પછી પણ જે ભ્રમમાં જ જીવે તેનો ભ્રમ ભાંગ્યો એમ શી રીતે કહેવાય - રજનીશ
- કરીએ સારું કોઇનું, એ જ ધર્મનું કર્મ.. બીજા કલ્પિત ધર્મ.., મનમાં સમજો મર્મ... - જનકલ્યાણ
- ખુદી કો મીટ દો.. હર જગહ ખુદા હૈ.. - ગુલઝાર
- પોતાના સ્વાર્થના ઉકરડાને સંતાડવા માટે સ્વાર્થી માણસ સિદ્ધાંતના બણગાં ફૂંકતા જોવા મળે છે - શાહબુદ્દિન રાઠોડ
- કાન સૌને આપવો જબાન કોઇને ના આપવી - હિન્દી કહેવત
- 'મોક્ષ' એ કાંઇ આધ્યાત્મિક સાધનાનું છેવટનું પગથિયું નથી.. તેનાથી મોટું અને મહત્વનું પગથિયું છે 'ભગવત્ પ્રેમ' - પ્રેમસૂત્ર

- (સંકલન : દીપક વી. આસરા)

### બોધ કથા

આજકાલ તો સત્તા પરિવર્તન થાય એટલે યોજનાના નામ, પાઠ્યપુસ્તકોના પાઠ, ગામના નામ અને 'ઇતિહાસ' પણ બદલાઇ જતા હોય છે. જેની સરકાર તેનાં ગીત ગવાય. સંતો-સાહિત્યકારો પર પણ હવે પક્ષની છાપ લાગવા માંડી છે! ભીષ્મ પિતામહે નો'તુ કહ્યું 'અમારા શરીરમાં દુર્યોધનના રાજના પગારનું લોહી વહે છે.'

સિંહને એક શિકારી સાથે દોસ્તી હતી. સિંહ રાત્રે શહેરમાં ફરવા આવ્યો. શિકારી તેને મુખ્ય બજાર અને ચોક બતાવતો હતો..

ત્યાં ચોકમાં નગરના રાજવીએ સિંહનો શિકાર કરી બાજુમાં બંદૂક લઇ ઊભા છે એવું શિલ્પ હતું. શિકારી કહે - મિત્ર! જો આખરે તમે ભલે જંગલના રાજા કહેવડાવ પણ અમારા રાજા તમારાથી કેવા બહાદુર અને શક્તિશાળી છે!

સિંહ ખંધુ હસ્યો, શિકારી કહે, કેમ એમાં હસવા જેવું શું છે? આ મૃત સિંહનું મસાલા ભરેલું શરીર અને શિકારનો મૂળ ફોટોગ્રાફ પણ મ્યુઝિયમમાં છે!

સિંહ કહે આ તો તમે બંદૂકથી શિકાર કરો અને તમારો જ શિલ્પી બનાવે. મોસાળે જમવા જેવું જ ને? જો અમારો જંગલનો શિલ્પી શિલ્પ બનાવે તો સિંહના પગ નીચે તમારા પાંચ રાજવી દબાયેલા પડ્યા હોય એવું જ શિલ્પ બનાવીએ ને?!

શિકારી મૌન થઇ ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

## ધર્મનો ત્રીજો અર્થ તે માનવ ધર્મ, એકવીસમી સદીનો આ ધર્મ, જે તમામ માનવીને સમાન ધોરણે સ્વીકારે, જયાં જાતિ, જ્ઞાતિ, રુપ-રંગ કે અન્ય ભેદભાવો ન હોય, કોઇ ખાસ દેવપૂજા ન હોય, તમામ કર્મો માનવતાના નામે થતાં રહે તેવો ધર્મ

### સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

ન જાતુ કામાન્ત મયાન લોભાય, ધર્મત્યજેજ્જીવિતસ્યાતિ હેતોઃ
ધર્મો નિત્યઃ સુખદુઃખ અનિત્ય, જીવો નિત્ય હેતુ તદ નિત્યઃ

માણસે કામનાથી, ભયથી, લોભથી કે પોતાનો જીવ બચાવવા માટે ધર્મનો ત્યાગ કયારેય ન કરવો. ધર્મ નિત્ય છે. ધર્મ જ જીવનનું અવિનાશી સ્વરુપ પ્રાપ્ત કરાવનાર છે. સુખદુઃખ અનિત્ય છે જીવનનું સાચું સ્વરુપ માત્ર ધર્મ જ દર્શાવે છે.

- મહાભારત

મહાભારતની પ્રશંસામાં એમ કહેવાય છે કે જેમ સાગર તથા હિમાલય રત્નોની ખાણ છે તેમ 'ભારત' પણ રત્નોનો અખૂટ ભંડાર છે. એ સમયમાં વિશ્વમાં જે કંઇ જ્ઞાન-વિજ્ઞાન પ્રચલિત હશે તે તમામનો સમાવેશ આ મહાકાવ્યમાં થયો છે. ખુદ વેદવ્યાસનું કથન છે કે "જે અહીં છે તે જગતમાં કયાંક હશે. પણ જે અહિં નથી તે તો આ વિશ્વમાં કયાંક નથી." આવા જ્ઞાનસાગરમાંથી આ એક અંજલિ. ધર્મની મહત્તા દર્શાવવા લેવામાં આવી છે. આજના યુગમાં ધર્મ શબ્દ અતિ ચપટો બની ગયો છે. અધિકારી તથા અનાધિકારીઓ, સૌ ધર્મ વિષયક પોતાનો મત જ સત્ય છે તેવી બૂમો પાડતા ફરે છે. સૌએ ધર્મને પોતપોતાની રીતે ખેંચી લાંબો કર્યો છે. ધર્મના નામની પટ્ટી જેટલી લંબાઇ તેટલી તે પાતળી થતી ગઇ ધર્મને પહોળો કરવાનો કોઇ પ્રયત્ન હિન્દુ સમાજે નથી કર્યો. એક વાતો તો તદ્દન સ્પષ્ટ છે કે ધર્મ કયારેય મૃત નથી હોતો. એ તો સદા સદા માટે જીવંત હોય છે. અરે એ તો માનવીને જીવ - જીવન બક્ષનાર સંજીવન બુટી છે.

આ મંત્રમાં ધર્મમાં રહેલ અસાધારણ શક્તિનો ખ્યાલ આપવામાં આવ્યો છે. આજે લોકો વિજ્ઞાન પાસેથી આ જીવન જીવવાનું બળ પ્રાપ્ત થશે તેવી આશા રાખે છે પરંતુ વિજ્ઞાન પાસે આવું કોઇ બળ પુરું પાડવા સમર્થ નથી. વિજ્ઞાન તો આ જીવન સ્વકેન્દ્રી બને, સાધન સગવડતાથી એશઆરામથી જીવી શકાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે. જો વિજ્ઞાન જીવન જીવવાનું બળ પુરું પાડતું હોતો તો પશ્ચિમના ઘણાં મનિષીઓ આત્મહત્યાના માર્ગે ન ગયા હોત. ભારતમાં કોઇ ઋષિમુનિએ આત્મહત્યાનો માર્ગ નથી અપનાવ્યો. ધર્મ તો જીવન સારી રીતે જીવવાનું શીખવાડે છે. જીવન કેવું વિતાવવું તેનો માર્ગ દર્શાવે છે. એટલું જ નહીં પરંતુ મૃત્યુ માટેની તૈયારી કરવાની શક્તિ પણ ધર્મ જ આપે છે. સાચો ધાર્મિક માણસ મરણથી કયારેય ડરતો નથી. વિશ્વના ઘણા જુલ્મગાર શાસકોએ પોતાનો ધર્મ સ્વીકારવા પ્રજાને ફરજ પાડેલી અને તે ન સ્વીકારનારને મોતની સજા હતી. આનંદપૂર્વક અતિ કષ્ટદાયક મૃત્યુને ભેટતા શીખગુરુ તથા સરદારના દૃષ્ટાંતો છે જ. જે પ્રજા મોતના ડરને કારણે ધર્મનો ત્યાગ કરે છે તે પ્રજા હિન બને છે.

ધર્મે જ મૃત્યુનું ગૌરવ કરતાં શીખવાડ્યું છે. અનહદ દુઃખ સહન કરવાની શક્તિ માત્ર ધર્મ જ આપે છે. શીખોના હાડ બંધાયા હતા. ધર્મના પવિત્ર જળથી. તેઓએ ધર્મના રક્ષણ માટે પ્રાણ પ્રાથર્યા તો તેનો ધર્મ રક્ષાયો. પ્રજા રક્ષાય. 'ધર્મો રહિતો રક્ષિત'. તેથી ભગવાન વેદવ્યાસ કહે છે. 'ધરમ જ નિત્યનો માર્ગ દર્શક છે જીવનની લાંબી સફરમાં સુખદુઃકના સ્ટેશનો આવે. કયાંક ગાડી લાંબો સમય થંભે. તો તેમાં અકળાવાનું ન હોય. ગાડી તો ચાલવાની. સુખદુઃખ પાછળ રહી જવાના તે અનિત્ય છે. આ જીવનનું આપણું લક્ષ્ય તો અંતિમ સ્ટેશન પર પહોંચવાનું છે. તે મુક્તિ છે. આપણા અનિનાશી સ્વરુપની ઓળખ છે જે ધર્મ કરાવે છે. ધર્મની શક્તિ જીવનદાતા જળ જેવી છે. પાણી જ તરસ કરાવે છે. ધર્મની શક્તિ જીવનદાતા જળ જેવી છે. પાણી જ તરસ છીપાવે છે. તેના બદલે કોકોકોલા ન ચાલે. એ ઘડીભર ટાઢક કરાવે પણ શાંતિ આપવાનું કાર્ય ન કરે. વિશ્વના મોટા ભાગના ધર્મોમાં મુક્તિની કે મોક્ષની કોઇ વાત નથી. ઇન્સાફ માટે રાહ જોતાં કબરમાં સુતા રહેવાનું માત્ર સનાતન હિન્દુ-ધર્મમાં જ મોક્ષ, કર્મ તથા પુનર્જન્મનાં સિદ્ધાંતો છે જે કેટલાંક વણઉકેલાતા પ્રશ્નોમાં માર્ગદર્શક બને છે.'

મહાભારત કાળમાં આજે આપણે જેને ધર્મ કે સંપ્રદાયના નામે જાણીએ છીએ તેવા ધર્મ ન હતા. બૌદ્ધ - જૈન - ઇસાઇ તથા ઇસ્લામ તો ઘણા પાછળથી અસ્તિત્વમાં આવ્યા. તો પછી શાંતિ પર્વમાં પિતામહ ભીષ્મ કયા ધર્મને લઇને આ વિધાન કરે છે? કદાચ એ વર્ણાશ્રમ ધર્મનો ઉલ્લેખ હશે. ગીતામાં પણ સ્વધર્મે નિદનં શ્રેય તેમ કહ્યું છે, ત્યાં સ્વધર્મ એટલે પોતે-પોતાનો વર્ણાશ્રમ ધર્મ, ચારે વર્ણ તથા આશ્રમના અલગ અલગ ધર્મો હતા અને દરેક ગૃહસ્થે તે પાળવા પડતા. સ્વભાવ તથા કર્મને ધ્યાનાં રાખી આ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આમાં જો કોઇ એક વર્ણની વ્યક્તિ અન્ય વર્ણનો ધર્મ અપનાવે તો તેને જ ધર્માંતરણ કહેવાતું હશે. દ્રોણ તથા પરશુરામે પોતાનો બ્રાહ્મણ ધર્મ છોડી, ક્ષત્રિયનો ધર્મ અપનાવ્યો. તો જનક જેવા રાજાઓ બ્રહ્મવાદી પણ હતા.

ધર્મ - પરિવર્તન ત્યારે અકલ્યાણ તથા ઉલ્કાપાત સર્જે છે. ધર્મ પરિવર્તન માટેના કારણો તો એ સમય હતા તેવા આજ પણ છે. માનવીની કામનાઓ પુરી થતી નથી. આ ઇચ્છાઓના સંતોષ માટે, વધારે સારા જીવન માટે, સત્તા કે સંપત્તિ માટે ધર્મ-પરિવર્તનનો કરાય છે. મોટા ભાગના ધર્મ પરિવર્તન લાલચ આપી કરાયા છે. ઇસ્લામમાં પરિવર્તન મોતના ડરથી થતા. ઇસાઇ ધર્મમાં પરિવર્તન સમાજમાં માનભર્યું સ્થાન મળે તે માટે થતું પરંતુ કોઇ પણ કારણસર થતું ધર્મ પરિવર્તન વ્યક્તિ માટે હાનિકારક નીવડે છે. ધર્મ - પરિવર્તન બાદ એવી વ્યક્તિની મનોદશા દ્વિધામાં વહેંચાય જાય. અને નવા ધર્મના નિયમો સાફ ના પાડતા હોય, તેની મૂંઝવણ થયા કરે. વળી જે માન કે જ્ઞાન મળવાનું હોય તે એક પેઢી ચાલે, બીજી પેઢીએ તો સ્થિતિ બદતર બનતી જાય. માટે જ કોઇ પણ સંજોગોમાં કે કારણો લઇ ધર્મ-પરિવર્તન ન જ થવું જોઇએ.

ધર્મનો ત્રીજો અર્થ તે માનવ ધર્મ. એકવીસમી સદીનો આ ધર્મ. જે તમામ માનવીને સમાન ધોરણે સ્વીકારે, જયાં જાતિ, જ્ઞાતિ, રુપ-રંગ કે અન્ય ભેદભાવો ન હોય, કોઇ ખાસ દેવપૂજા ન હોય, તમામ કર્મો માનવતાના નામે થતાં રહે તેવો ધર્મ. આ ધર્મના ચાર પાયા છે. ન્યાય-નીતિ, પ્રમાણિકતા તથા દયા જો કે વિશ્વના તમામ માન્ય ધર્મો પણ એ પાયાઓનો સૈદ્ધાંતિક સ્વીકાર તો કરે છે પણ આ માનવતામાં ધર્મ પણ ઘણી વખત ઊણો ઊતરતો દેખાય છે. ન્યાયના ત્રાજવા કોમ-કોમ વચ્ચે અલગ રખાય છે. અંગ્રેજ શાસનમાં આનો આપણને સ્વાનુભવ છે. સમાન ગુના માટે અંગ્રેજને છોડી દેવાય તો, ભારતીયને ફાંસી થાય. રાજકારણમાં પડેલા માટે પોતાના નૈતિક નિયમો અને પ્રમાણિકતાના માપ હોય છે. આ પ્રકારના વર્તનને ધર્મ પરિવર્તન જ ગણવું જોઇએ. જન એ વર્તન કરનારો સહન નથી કરતો. પ્રાપ્ત કરે છે. પોતાનો પક્ષ જ સાચો અને તે માટે તે જ સત્ય એવો આગ્રહ ધરાવનાર પણ સમાજમાં મળતાં રહે છે.

ધર્મની ગતિ અતિ સૂક્ષ્મ છે. ધર્મ-અધર્મ વચ્ચેની ભેદરેખા ઘણી પાતળી છે. ધર્મ વિવાદથી પર છે. કારણ કે સનાનત છે અને સનાતન માત્ર સત્ય જ હોઇ શકે માટે ધર્મ એટલે સત્યના માર્ગનું આચરણ છે. જે વ્યક્તિ સત્યના માર્ગે ચાલે છે તે ધર્મી છે મંદિર જતો, નિત્ય પાંચ વખત દર્શન કરતો ખેલાડી હોય શકે ધાર્મિક નહિ. સત્ય ધર્મ છોડનારનું કાયમ અહિત જ થાય છે. વ્યાસ ભગવાન કહે છે કોઇ પણ બડાના નીચે સત્યને ન તો છોડવું ન છુપાવવું જે સાથ છોડે છે તે મોટું ધર્મ પરિવર્તન કરે છે. ગીતા કહે છે કે આવા લોકોને આ લોકમાં કે પરલોકમાં શાંતિ મળતી નથી. સત્યનો માર્ગ ભલે કાંટાળો હોય પણ ન છોડવો.


## ગ્લોબલ વોર્મિંગ - કાંટાળો તાજ

### ચિંતન

- પી.ડી. વાઢેર

આપણે ભૌતિક સુખ મેળવવા વિકાસની જે આંધળી દોટ મુકી છે, તેના દુષ્પરિણામો આપણી બીજી-ત્રીજી પેઢીના બાળકો ભોગવશે. ગ્લોબલ વોર્મિંગને કારણે જળવાયુ (આબોહવા કે મૌસમ) પરિવર્તનના પરિણામો આપણે જોઇ રહ્યા છીએ. ગ્લોબલ વોર્મિંગ એ વિચારશીલ લોકો માટે ગ્લોબલ વોર્નિંગ બની રહી છે.

પૃથ્વીની સપાટી ઉપરનો ૭૫ % જથ્થો ક્ષોભમંડળ (વિષમતાપ મંડળ) તરીકે ઓળખાય છે. જે પૃથ્વી ઉપર સમુદ્રની સપાટીથી ૧૭ કિ.મી. ઊંચે સુધી વિસ્તરેલ છે. ક્ષોભ મંડળનો બીજો પટ્ટો સમતાપ મંડળ તરીકે ઓળખાય છે. તેમાં જળબાષ્પ અને ઓઝોન વાયુ આવેલા છે. આ સમતાપ મંડળ સૂર્યમાંથી પૃથ્વી પર આવતા હાનિકારક પારજાંબલી વિકિરણોનું નવ્વાણું ટકા શોષણ કરી લે છે. પૃથ્વી પર વધતા પ્રદૂષણને લીધે ઓઝોન પડમાં ગાબડાં પડતા જાય છે. જેથી સૂર્યના સીધા કિરણો પૃથ્વી પર આવી પડ્યાં છે. જે ખૂબ હાનિકારક અને ગંભીર બાબત છે.




ગ્લોબલ વોર્મિંગ એટલે પૃથ્વીનું તાપમાન વધવું. ગ્લોબલ વોર્મિંગ ને કારણે આર્કટિક મહાસાગરનો ઉત્તરધ્રુવ તરફનો બરફનો જથ્થો ઓગળે છે. તેમાંથી મિથેન વાયુ છુટો પડી વાતાવરણમાં ભળે છે. આ મિથેનવાયુ ગ્લોબલ વોર્મિંગ માટેના જવાબદાર વાયુઓમાંનો એક વાયું છે. ધ્રુવો તરફનો બરફ પિગળવાની દરિયા સપાટી ઉપર આવશે.



આમ ગ્લોબ વોર્મિંગને નાથવાના પગલાં લેવામાં ન આવે તો એક અંદાજ મુજબ ૨૦૩૫ સુધીમાં પૃથ્વીના સરેરાશ તાપમામાં ૨ સેન્ટીગ્રેડ્સનો વધારો નોંધાશે. જેનાથી સાઇબીરીયાના સમુદ્ર પ્રદેશનો બરફ પણ પીગળશે. જેનો મિથેન વાયુ પૃથ્વીના વાતાવરણમાં ભળશે. આ બે અંશ સે. ગ્રેડ પૃથ્વીનું તાપમાન વધવાથી પર્યાવરણની સમતુલા ખોરવાશે. એક માહિતી મુજબ ૧૯૭૯માં ઉત્તરધ્રુવનો બર્ફિલો થર ૨૭.૮ લાખ ચો. માઇલ હતો, તે ૨૦૦૦ની સાલમાં ઘટીને ૨૪.૩ લાખ ચો. માઇલનો થઇ ગયેલ છે. ગત વર્ષના ઉનાળામાં ઉપગ્રહ દ્વારા ઉપલબ્ધ માહિતી દ્વારા તે વિસ્તાર ઘટીને ૧૩.૨ લાખ ચો. માઇલ બાકી રહ્યો છે.

આમ ઉત્તરધ્રુવના બરફના થરો પિગળવાથી ટૂંકા ગાળાની વ્યાપારી દૃષ્ટિથી વિચારીએ તો સમુદ્ર માર્ગ ટૂંકા થશે. જાપાનથી યુરોપનો દરિયાઇ માર્ગ ટૂંકો થાય. જાપાનથી નેધરલેન્ડનો દરિયાઇ માર્ગ ટૂંકો થાય. એ જ રીતે ચીનના સાંઘાઇ બંદરથી સેટડ્રેમનું અંતર ઘટે. કેનેડાથી સેટ્રેડેમનો દરિયાઇ માર્ગ ઘટે એક સમાચાર સંસ્થાના આંકડા મુજબ સને ૨૦૧૨માં આર્કટિક સમુદ્રના માર્ગે ૫૦ લાખ ટન માલની હેરફેર થઇ હતી. જે ૨૦૨૦ સુધીમાં ૬.૪ કરોડ ટન પહોંચવાનો અંદાજ છે. પરંતુ આર્કટિક સમુદ્રમાં વાહન વ્યવહાર વધવાની ત્યાંની દરિયાઇ જીવસૃષ્ટિ પર અસ્તિત્વનો ખતરો ઊભો થયો છે.

આમ ઉત્તરધ્રુવના બરફ ઓગળવાની ક્રિયા વધતા થનારા ભૌગોલિક પરિવર્તનથી વ્યાપારી તકો સાથે પર્યાવરણીય પડકારો પણ વધી રહ્યા છે. બરફ પિગળવાથી થતાં ફાયદાં કરતાં બરફ ન પીગળે એ સારી બાબત છે. તે માટે વિશ્વની માનવજાતે પ્રયત્નો માટે તૈયાર રહેવું પડશે.

## દીકરી તો પારકી થાપણ કહેવાય, એના ભણતર પાછળ જાત હોમી ન દેવાય એવું કહેનારા દીકરીને કેનેડા ભણવા મોકલનાર પિતાને ધન્યવાદ આપવા દોડી આવ્યા...

### સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

રાત્રિના દસ વાગ્યાનો સમય હતો. ભરતભાઇ આકુળવ્યાકુળ બની ઘરમાં આંટા ફેરા લગાવતા હતા. વારંવાર બીડી સળગાવી તેનો કસ ખેંચી મનને બીજી તરફ વાળવા પ્રયત્ન કરતા પણ છતાં જીવને ચેન નથી. દીકરી કેનેડા તો પહોંચી ગઇ હશે, હજુ તેનો પોન કેમ ના આવ્યો? શું ફ્લાઇટ લેટ પડી હશે? પત્ની જયશ્રીબેન ધીરજ ધરવાનું કહે છે. તમે ચિંતા ન કરો, શિખા બહુ હોંશિયાર છે ગમે તેવી તકલીફમાં રસ્તો કાઢી લે તેવી છે. પણ કઠણ કાળજાનો બાપ પણ જયારે દીકરીની વાત આવે ત્યારે લાગણીશીલ બની જાય છે. આજે સવારથી ભરતભાઇ ઘરમાં જાણે એકલા પડી ગયા હોય તેમ સુનમુન થઇ ગયા છે. દીકરી શીખા કોમ્પ્યુટરમાં માસ્ટર ડીગ્રી મેળવવા ટોરન્ટો-કેનેડા ગઇ કાલે રાત્રે જ ફ્લાઇટમાં ગઇ છે.

તે સુખરુપ પહોંચે તેના મેસેજનો ભરતભાઇને ઇન્તેજાર છે. બરાબર ૧૧ કલાકે તેમના મોબાઇલની રીંગ રણકી, હાથમાંથી બીડી ફેંકી રીસીવ કર્યો, સામે શિખાનો કોયલના ટહુકા સમો રણકાર સાંભળ્યો. હેલો, પપ્પા આઇ એમ ફાઇન હું સુખરુપ કેનેડા પહોંચી ગઇ છું. કોઇ જ તકલીફ વગર... દીકરી બોલતી રહી પણ ભરતભાઇની જબાન ખામોશ હતી આજે તેમની આંખો બોલી રહી હતી. પણ ભરતભાઇની જબાન ખામોશ હતી. આજે તેમની આંખો બોલી રહી હતી. આંસુની ભાષા દ્વારા અને આંસુની ભાષા દીકરી સિવાય કોણ જાણી શકે? પપ્પાના હૈયે હરખ હતો, મારી લાડકી દીકરીના મનોરથો પૂર્ણ થયા તેમે કોમ્પ્યુટરમાં માસ્ટર ડિગ્રી મેળવવી હતી અને તે પણ વિદેશમાં.

પપ્પાનો મધ્યમવર્ગીય પરિવાર આ ખર્ચને પહોંચી નહી વળે તેની સિખાને ચિંતા હતી પણ ભરતભાઇ ૩૬ની છાતીવાળા હતા. તેમણે દીકરીને હૈયાધારણ આપી હતી કે બેટા હું ગમે તે કરીશ, મારી જાત વેચીશ પણ તને વિદેશમાં ભણવા મોકલીશ. એ અરમાન આજે પુરા થયા પણ દીકરી સાથે ફોન પર વાત કરી શકતા નથી. આંખમાં આંસુ થમવાનું નામ લેતા નથી. તેમણે પત્નીને ફોન આપી કહ્યું લે, તું પહેલાં શિખાની ખબર અંતર પુછી લે પછી હું વાત કરું છું. સ્ત્રીઓના હૃદય આમ તો પોચા અને લાગણીશીલ કહેવાય પણ આવા પ્રસંગે તેઓ હિંમત કેળવી શકે છે તેમણે શિખાના ખબર અંતર પૂછ્યા. દીકરીએ અમદાવાદ એરોડ્રોમથી લઇ કેનેડાના સફર ટૂંકમાં વર્ણવી મમ્મીને પણ હરખના આંસુ આવી ગયા અને પછી તો ભરતભાઇએ પત્ની પાસેથી ફોન લઇ દીકરી શિખા સાથે બે કલાક વાતો કરી.

હજુ ગઇકાલે જ દીકરીને વિદાય આપી છે પણ જાણે વર્ષોના વહાણાં વાયા હોય તેમ ભરતભાઇને દીકરી વિના ઘરમાં ખાલીપો અનુભવાય છે. તેમણે શિખાને શિખામણો પણ આપી અભ્યાસમાં મન પરોવાની અને કોઇ પણ તકલીફ હોય તો તાત્કાલિક જાણ કરવાની પણ તાકીદ કરી કયારેય વાત કરતાં અવાજ રૂંધાતો દીકરી ત્યારે પપ્પાને હૈયાધારણ આપતી... પપ્પા તમારું શરીર સાવચજો. ડાયાબિટીશ બહુ વધી ન જાય તેની કાળજી રાખજો. અને બાપ દીકરી વચ્ચેની વાતોમાં બે કલાક કયારે પસાર થઇ ગયા ખબર પણ ન પડી. બાપ અને દીકરી વચ્ચેની લાગણીનો ભેદ કોણ પામી શક્યું? છેવટે રાહતનો દમ ખેંચ્યો અને રાતભર નીંદર માણી.

ભરતભાઇનો પરિવાર મધ્યમ. પોતે જીઇબીમાં લેબર કોન્ટ્રાક્ટર તરીકે કોન્ટ્રાક્ટ રાખી સેકટર-૨૫માં ભાડાના મકાનમાં રહે છે બે દીકરી મિહીર અને સૌરભ. મિહીર મિકે. ડ્રાફ્ટમેન અને સૌરભ સિવિલ એન્જીનીયર થયો છે. દીકરી શિખાના ભણતરમાં એમને પાછું વળીને જોયું નથી. તેને કેનેડા મોકલવાની વાત કરી ત્યારે સગાંવહાલાં અને સ્નેહીજનો શિખામણ આપતા કે દીકરી તો પારકી થાપણ કહેવાય એના ભણતર પાછળ બહુ ખર્ચો કરીને શું કરવાનું? એને ગ્રેજ્યુએટ કરી પરણાવી દો. ત્યાં સાસરો જઇને તેણે ભણવું હોય તો ભણે. આપણી જવાબદારી પુરી. ત્યારે ભરતભાઇને સગાંવહાલાં પર ખુબ ગુસ્સો ચઢતો. કોઇકને તેમણે ગુસ્સે થઇને સંભળાવ્યું પણ ખરું કે મારે તમારો રૂપિયો જોઇતો નથી. દીકરી માટે મારે ખુવાર થવું પડે કે ગમે તેટલું દેવું કરવું પડે, કરીશ તમારી પાસે રાતી પાઇ માગવા નહિ આવું. કોઇક કહ્યું દીકરીને ધામધૂમથી પરણાવીએ ને ઝાઝુ કરિયાવર આપીયે એટલે સાસરીયા ખુશ, બીજુ શું જોઇએ? દીકરીઓ માટે કંઇ જાત હોમી ન દેવાય. પણ ભરતભાઇ મક્કમ હતા. તેઓ માંડ મેટ્રીક પાસ થયેલા અને પત્ની નોન મેટ્રીક છતાં તેઓ ભણતરનું મુલ્ય સમજતા. અને દીકરી હોય કે દીકરો એમાં શું ફરે પડે? બંનેની સુઝબુઝ બહુ ઊંચા પ્રકારની હતી. મધ્યમવર્ગીય પરિવારને વિઝા માટે ૧૫ લાખ જેવી માતબર રકમ ભેગી કરવી એ નાનીસુની વાત ન કહેવાય પણ. એક બાપ દીકરી માટે કેટલો ત્યાગ કરી શકે તેના માટે આ નાનકડું ઉદાહરણ પણ પ્રેરણારુપ છે. કુટુંબ અને સગાંઓનાં વિરોધ વચ્ચે પણ દીકરીને સ્ટુડન્ટ વિઝા પણ કેનેડા મોકલી તેના માટે ફંકશનનું આયોજન કરી સૌને જમાડ્યા પણ ખરા... નવાઇની વાત એ બની કે જે લોકો પહેલાં આ વાતનો વિરોધ કરતાં તેઓ હવે ભરતભાઇને ધન્યવાદ આપવાં લાગ્યા. આ દોરંગી દુનિયાના મત કયારે બદલાય તે નક્કી નહિ... ભરતભાઇ અને જયશ્રીબહેનને દીકરીનો ખાલીપો દુઃખદાયક લાગે છે પણ હૈયે હરખ પણ છે... દીકરી શૈક્ષણિક ક્ષેત્રે એની કારકિર્દીનું ઘડતર કરી રહી છે...

ભરતભાઇ પ્રજાપતિ સેકટર-૨૫ ગાંધીનગર ખાતે પોતાના પરિવાર સાથે રહે છે, તેઓ ગાંધીનગર પ્રજાપતિ સમાજના મંત્રી તરીકે પણ સેવા આપે છે. સમાજના આગેવાન તરીકે તેમણે સૌને પ્રેરણારુપ ઉદાહરણ પુરું પાડ્યું છે.